ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી


ઋતુશ્રી વિશાલ થોરાત
મો. ૯૪૨૮૦ ૪૭૫૨૮


દુષ્યંતસિંહ ડી. ચુડાસમા
મો. ૯૬૨૪૦૨૦૪૨૦


દક્ષરાજસિંહ ઝાલા
મો. ૯૯૨૫૨ ૬૨૭૦૦

તા. ૧૪-૩-૨૦૧૭


ગીતાબેન પ્રકાશકુમાર દવે
મો. ૯૦૪૯૮ ૩૨૪૬૭


ધ્રુવાંક કે સોની
મો. ૯૦૪૬૮ ૩૨૪૬૭


અનેરી દુષ્યંત દવે


અયાન પ્રિયંક શાહ
મો. ૯૯૦૯૯ ૬૫૯૦૦


દિવ્ય અનિલભાઈ નાયી
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫

# સરકારી વિજ્ઞાન કૉલેજનો રોચક 'આગાઝ'







સમગ્ર વર્ષ દરમ્યાન સરકારી વિજ્ઞાન કોલેજના વિધાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવૃતિઓ સાથે સપ્તધારાની વિવિધ ધારાઓ હેઠળ અનેક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. પરંતુ જે વિદ્યાર્થીઓ વિશિષ્ટ પ્રતિભા ધરાવે છે, તેમનાં માટે તેમની સુષુપ્ત રહેલ શક્તિઓને બહાર લાવવાનાં હેતુથી તા. ૧૦/૦૩/૨૦૧૭ ને શુક્રવારના રોજ ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે 'આગાઝ' નામ હેઠળ એક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવેલ, આશરે ત્રણ કલાકનાં સમયગાળા દરમ્યાન આ કાર્યક્રમમાં વિજ્ઞાન સાથે અભ્યાસ કરતાં ૭૫ કરતા પણ વધારે વિધાર્થીઓએ હોંશભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમનીશરૂઆત પ્રાર્થના અને આચાર્ય ડો. કમલ જી. છાયા, મુખ્ય અતિથિ ડો. જતિન સોની (વાઈસ ચાન્સેલર, સ્વર્ણિમ ગુજરાત યુનિવર્સિટિ), અતિથિ વિશેષ રજનીકાંત સુથાર (યુથ કોર્ડીનેટર, નેહરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગર) તથા સાંસ્કૃતિક ચેરમેન ડો. રાજકુમારી પારવાણી દ્વારા દીપ પ્રાગ્ટયથી કરવામાં આવી. ત્યારબાદ આચાર્યએ વિદ્યાર્થીઓ તેમજ પ્રાધ્યાપકોને સંબોધી ખૂબ જ સુંદર વક્તવ્ય આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં મહેનત તથા પરીશ્રમનું મહત્વ સમજાવ્યું હતું તથા શિક્ષણ અને શિક્ષણેતર પ્રવૃતિઓને યોગ્ય સમય ફાળવી ન્યાય આપવો જોઈએ તેવું સૂચન પણ કર્યું હતું. એસઆરસી કમિટીના ચેરમેન ડો. દિલીપ ઑડેદરાએ કોલેજમાં થતી શૈક્ષણિક અને સાંસ્કૃતિક ગતિવિધિઓનો અહેવાલ આપ્યો હતો.

ત્યારબાદ વિદ્યાર્થીઓએ પ્રાર્થના નૃત્ય-સરસ્વતી વંદનાથી શરૂ કરી સેમીક્લાસીકલ, ગરબો, રાસ, રાજસ્થાની નૃત્ય તેમજ વેસ્ટર્ન ડાંસ તથા ગુજરાતી સુગમ સંગીત તેમજ ફિલ્મી ગીતોની રમઝટ, જોડે નાટકો પણ પોતાની આગવી શૈલીમાં રજૂ કરેલ. ગીત-સંગીતમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને 'સ્વીટ મેલોડીઝ ઓરકેસ્ટ્રા' દ્વારા સુંદર સંગીતમય સાથ મળી રહ્યો હતો. લગભગ ૨૫ જેટલી વિવિધ આઈટમો તમામ વિદ્યાર્થીઓ તથા સ્ટાફના મિત્રોને શાંતિપૂર્વક માણી હતી. કાર્યક્રમમાં કોલેજનાં ઍનઍસઍસ સ્વયંસેવકો દ્વારા વિવિધ કેમ્પ દરમ્યાન આજુબાજુનાં ગામાડાઓમાં જે સુંદર કામગીરી હાથ ધરેલ તેની ઝાંખી પણ આપવામાં આવી હતી. અંતે, વિવિધ આઈટમોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ માટે ઈનામોની જાહેરાત પણ કરવામાં આવી હતી.

આ યાદગાર કાર્યક્રમનું સફળપૂર્વક આયોજન સાંસ્કૃતિક ચેરમેન ડો. રાજકુમારી પારવાણી તથા તેમની ટીમ દ્વારા કરાયું હતું. વિદ્યાર્થી પ્રતિનિધિ સભાના સ્વયંસેવકોએ આ સમગ્ર આયોજનમાં ઉત્કૃષ્ટ રીતે મદદ કરી હતી.

## ડાયરેક્ટ ❤ સે

હું ભરી આવું
રંગની મૂઠ્ઠી
તું લઈ આવજે
કોરું મન
કેસૂડાનાં ફૂલની સાખે
વગડો બનશે વૃંદાવન

## લોહાણા યુવા સંગઠન દ્વારા આજે ધૂળેટીનું પર્વ ઉજવવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા લોહાણા યુવા સંગઠન દ્વારા આગામી તા. ૧૩ માર્ચ, ૨૦૧૭ને સોમવારના રોજ ધૂળેટીના પર્વની ઉજવણી શ્રી જલારામ મંદિર, સેક્ટર-૨૯ ખાતે સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ દરમ્યાન કરવામાં આવનાર છે. આ પ્રસંગે સમાજના સૌ ભાઈ-બહેનો અને ખાસ કરીને યુવાનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવેલ છે. સંસ્થા દ્વારા ગુલાલ તેમજ અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

## વિદ્યાર્થીઓ-વાલીઓ વચ્ચે નીકટતા લાવવા એસ જી સ્કૂલમાં કાર્યક્રમ



ગાંધીનગર ની એસ.જી પ્રાથમિક શાળામાં તા-૧૧-૩-૨૦૧૭ ને શનિવારના રોજ ઓપન પેજની ટિમ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલી વચ્ચેના સંબધોમાં નિકટતા આવે તે હેતુથી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં આજકાલ વાલીઓ પોતાના બાળકોને વધુ માર્ક આવે તે ઈચ્છે છે, તે હેતુને ધ્યાનમાં રાખી શિક્ષણમાં માર્કના મહત્વ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વળી વાલીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે કોઈ ગેપ ના રહે તેનું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. યંગ રિપોર્ટર ક્લબના મેમ્બર્સને પ્રમાણપત્ર અને ઈનામ આપવામા આવ્યાં હતાં. આ કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષક નિખિલભાઈ અને પ્રિયંકાબેને કર્યું હતું.

## મહિલા પત્રકારો ઉદ્ગમ ટ્રસ્ટ દ્વારા ઍવોર્ડથી સન્માનિત



ગાંધીનગરમાં ઉદ્ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિશ્વ મહિલા દિન નિમિત્તે વિવિધ ક્ષેત્રોની પ્રતિભાસંપન્ન નારીઓને તાજેતરમાં 'વુમન્સ એચિવર્સ એવોર્ડ'થી સન્માનવામાં આવી હતી. જેમાં પત્રકારત્વ ક્ષેત્રમાં 'પાટનગર ટુડે-ઢળતી સાંજ' દૈનિકના પત્રકાર સ્વાતિ શુકલ, 'આજતક' ન્યૂઝ ચેનલના ગોપી ઘાંઘર, 'જીટીપીએલ'ના પ્રીતિ મહેતાનું ટ્રોફી અને પ્રમાણપત્રથી સન્માન કરવામાં આવ્યું હતું.

## સંસ્કૃતિ કુંજમાં શ્રી કૃપા ફાઉન્ડેશનના સ્ટેલની મહાનુભાવો દ્વારા મુલાકાત

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા સંસ્કૃતિ કુંજ, ગાંધીનગર ખાતે આયોજિત વસંતોત્સવ-૨૦૧૭ અંતર્ગત શ્રી કૃપા ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા સ્ટોલ ગોઠવવામાં આવ્યો હતો. આ સ્ટોલની મુલાકાત બનાસ ડેરી, પાલનપુરના મૅનેજર શ્રી પીલીયાતર અને ગાંધીનગર યુવક સેવાના પ્રૉજેક્ટ અધિકારી વાલજીભાઈ ચૌહાણ તથા અનેક મહાનુભાવોએ સ્ટોલ નં. ૨૦૦ની મુલાકાત લીધી હતી. આ સમયે શ્રી કૃપા ફાઉન્ડેશનના પ્રમુખ છાયાબેન ખરાડી, ઉપપ્રમુખ ભારતીબેન વાઘેલા અને સૅક્રેટરી રવિભાઈ દવે તથા અન્ય સભ્યોને શુભેચ્છાઓ પાઠવી હતી.

## પહેલો જનમ મારી માડીની કૂખે, બીજો જનમ તારે આંગણે હો જી

સંવેદના 'મારી યાદગાર સ્કૂલ'

મારી વિદ્યાર્થી કારકિર્દીમાં પ્રાથમિક શાળાનો અનુભવ આજે પણ ૭૦ વર્ષ બાદ બરાબર યાદ છે. ૭૦ વર્ષ પહેલાં 'સોટી વાગે ચમચમ, વિદ્યા આવે ધમધમ'નો જમાનો હતો. મને બરાબર યાદ છે કે મોરબીમાં અમારા મકાન સામે જ સરસ્વતી પ્રાથમિક શાળા હતી જ્યાં મેં પહેલાં ત્રણ ધોરણનો અભ્યાસ કર્યો હતો. બાળપણની ભોળી અવસ્થામાં નાનાં-મોટાં તોફાન શાળામાં કરતાં હતાં અને પકડાઈ જઈને માસ્તર રતિલાલની સોટી પણ ખાતાં હતાં. એકવાર રિશેષ વખતે ઘેર ગયો ત્યારે મારી બાએ કહ્યું કે તારા માસ્તરને જરા બોલાવ તો, મારે કામ છે. હું તો હરખાઈ ગયો. રતિલાલ માસ્તર પણ દોડતા આવ્યા. બા બોલ્યાં, આ જયંતને જરા ઠમઠોરશો. ઘરમાં બહુ તોફાન કરે છે, જિદ પણ બહુ કરે છે.

હું તો હેબતાઈ ગયો. પણ રતિલાલ માસ્તર બહુ જ સમજવાળા હતા. તેમણે મને હસતાં-હસતાં સમજાવ્યું, બાને હેરાન કરાય નહીં, પાપ લાગે. એ પછી રતિલાલ માસ્તર પ્રત્યેનું માન મારા મનમાં વધી ગયું. એમની રીત એવી કે ખોટું કામ કર્યું હોય તો સોટી મારે ને સારું કામ કર્યું હોય તો વાંસામાં હાથ ફેરવી વહાલ પણ કરે.

શાળામાં ઘડિયા દરરોજ મોઢે બોલાવાતા એ મને આજે પણ યાદ છે ને એ સમયના મિત્રો આજેય મિત્રો છે. આજે તો શાળાનું સ્વરૂપ બદલાઈ ગયું છે, પણ મારા મનમાં મારી એ પ્રિય શાળા જેમની તેમ સચવાયેલી છે.

**- જયંતભાઈ જી ભટ્ટ**
**સેક્ટર-૭ ડી**

શાળાના એ દિવસો કેવા અમૂલ્ય હતા? જીવન ઘડતરમાં એનો સિંહફાળો છે. અમારા શિક્ષક કે જે વર્ગમાં દાખલ થાય અને બોર્ડ પર પહેલું વાક્ય લખે,

ઓનર એન્ડ શેઈમ ફ્રોમ નો કન્ડીશન રાઈઝ

એક્ટ વેલ યોર પાર્ટ ધેર ઓલ ધી ઓનર લાઈઝ

તે શ્રી છોટુભાઈ પટેલ અને વાતવાતમાં એક વાક્ય : પુટ યોર સેલ્ફ ઈન સેઈમ કન્ડીશન એન્ડ ક્રીટીસાઈઝ કહેનારા હરીશ મિશ્રા સાચા અર્થમાં અમારા જીવન શિલ્પી હતા. એસએસસીમાં વધુમાં વધુ ટકા આવે તે માટે સ્વમાનના ભોગે ઓપ્શન વિષય તરીકે અંકગણિત કે સંસ્કૃત રખાવવા ખેંચતાણ કરનારા અન્ય શિક્ષકોને પોતાના સ્વર્થમાં નહિ પરંતુ અમારી પ્રગતિમાં ગજબનો રસ હતો.

અમદાવાદનો આર્થિક પછાત વિસ્તાર હોવા છતાં અસારવામાં આવેલી મારી શાળા 'અસારવા વિદ્યાલય' સંસ્કાર ઘડતરમાં સમૃદ્ધ હતી. રમતોત્સવ, વક્તૃત્વ સ્પર્ધા, સ્વયંશિક્ષણ દિન અને પ્રવાસ વગેરે તો થતાં જ, ઉપરાંત વિદ્યાર્થીઓમાં રહેલી કલાભાવનાને દિશા મળે તે માટે 'રંગમાધુકરી' નામનો કલાત્મક ઉત્સવ પણ થતો. સાહિત્યિક પ્રવૃત્તિને વેગ મળે અને વર્તમાનને વિદ્યાર્થીઓ માણી શકે તે માટે અમે ચાર મિત્રો 'સોગરાઠ'ના ઉપનામથી 'મશાલચી' નામની દૈનિક પત્રિકા ચલાવતા, જેથી સાહિત્યિક પ્રવૃત્તિને વેગ મળતો.

શાળામાં વિદ્યાર્થીઓના ભવિષ્યના સર્વાંગી વિકાસ માટે અમને કાંતણ, કાગદી અને સુથારીકામ પણ શીખવા મળતું. ભવિષ્ય ઘડતરમાં પ્રેરણારૂપ વિદ્યાર્થી સમિતિની રચના તથી. વિદ્યાર્થી કારોબારી વિવિધ પ્રવૃત્તિમાં ફાળો આપતી. હોદ્દો મળતાં સૌ સંચાલન, એકતા, જવાબદારી અને સફળતાના પાઠ પણ શીખતા.

શિક્ષણક્ષેત્રે સાચું મૂલ્યાંકન થઈ શકે તે હેતુથી અમારી બીજી શાળા સરસ્વતી વિદ્યાલય અને અમારી શાળાના જે તે વિષયના જે તે વર્ગના પેપરો એક જ શિક્ષક તપાસતા.

અમારી શાળાએ આત્મીયતાના અતિ વિશ્વાસનું ઉમદા ઉદાહરણ છે. મારા મોટાભાઈ સ્વ. જય ગજ્જર સરસ્વતી વિદ્યાલયમાં ભણેલા. એક શિક્ષકે તેમને ગણિતમાં સોમાંથી સો ગુણ આપેલા. એ જમાનામાં એક વિષયમાં તો શું, એક પ્રશ્નમાં પણ પૂરા માર્ક આપવામાં આવતા નહિ. એ જ શિક્ષકે પાંચ વર્ષ પછી હું અસારવા ભણતોમાં હતો ત્યારે મને ગણિતમાં સોમાંથી સો ગુણ આપેલા. હરખથી તેમણે બીજા શિક્ષકને કહ્યું હતું કે આજે પાંચ વર્ષ પછી મારાથી બીજા વિદ્યાર્થીને પૂરા માર્ક અપાયા છે. તેમના ઉત્સાહમાં અતિરેક તો ત્યારે થયો જ્યારે તેમણે જાણ્યું કે આ સિદ્ધિને મેળવનાર બે સગા ભાઈઓ છે અને ત્યારે મને લાગ્યું કે મારી શાળા એ કોઈ સંસ્થા નથી, એ તો એક સંયુક્ત કુટુંબ છે.

કૌટુંબિક વાતાવરણથી જીવન ઘડતર કરનાર એ શાળાને યાદ કરું છું ત્યારે આજે પણ મને અભ્યાસ દરમિયાન ભણેલી કાવ્યપંક્તિઓ યાદ આવે છે -

પહેલો જનમ મારી માડીની કૂખે,
બીજો જનમ તારે આંગણે હો જી...

**- નટુભાઈ ગજ્જર**
**સેક્ટર-૨૯**

ધંધુકામાં સ્ટેશન રોડ પર ગામથી દસેક મિનીટના અંતરે જ અમારી 'બિરલા એન્ડ હરજીવનદાસ હાઈસ્કૂલ' હતી. સ્કૂલ ટાઈમ ૧૧થી ૨ અને ૩થી ૬, વચ્ચે રિશેષ. ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા... આ અર્થસભર પ્રાર્થનાથી કામ શરૂ થાય. પછી સમૂહમાં પ્રતિજ્ઞાપત્રનું વાચન. તેમાં ભારતદેશના ગૌરવ, એકતા, અખંડિતતા, સર્વ ધર્મ સમભાવ અને ભાઈચારાની ભાવનાનાં પોષણ, સંવર્ધન, રક્ષણ માટેની કટિબદ્ધતા દર્શાવાય.

ઈંગ્લિશમાં કલાબેન આવે. એમનો કડપ ભારે. વર્ગમાં આવે એટલે પીનડ્રૉપ સાયલન્સ. સ્પેલિંગ, ઉચ્ચારો, વ્યાકરણ બધું પરફૅક્ટ જોઈએ. ઘેર પાઠમાળાના અભ્યાસના આગ્રહી. પોલીયોગ્રસ્ત પગ એટલે પગમાં ખાસ પ્રકારનાં બૂટ અને કાખઘોડી લઈને ચાલે પણ મુખ પર ખુમીર અને આત્મવિશ્વાસની ઝલક. ગુજરાતીમાં અમારા દિલીપસિંહ ચુડાસમા સાહેબને તો કેમ ભૂલાય ? વાર્તા, પ્રસંગ અનુસાર કરૂણરસ, હાસ્યરસ, વીરરસના ફુઆરા નીચે સૌ તરબોળ થઈ જતાં. સાહેબના ભાવવાહી, રસપ્રચૂર વાણીપ્રવાહમાં બધાં તલ્લીન થઈ જતાં. એકવાર મને હેડકી ચડી, સાહેબે રસભંગ ન થાય એ માટે મને બહાર મોકલી. પાણી પીને આવું ત્યાં તો અફસોસ ! વર્ગ પૂરો...

સંગીતમાં મને અત્યંત રસ-રૂચિ. અમારા અમૃતલાલ સાહેબે મારા દાદા પાસેથી સંગીતની શિક્ષા લીધેલી એટલે મારા પર એમના ચાર હાથ, મને હંમેશાં હાઈએસ્ટ માર્ક્સ.

પણ ગણિતને ને મારે બારમો ચંદ્રમા. અંકગણિત અને એમાંય કૂટપ્રશ્નો જોઈને જ તાવ ચડી જાય. મોટીબેનની સલાહથી પેપરમાં તાળો મેળવવા ગઈ તો ઓર ગૂંચવણ ઊભી થઈ. બાજુમાં ઊભા-ઊભા રસિકલાલ સાહેબ આ બધું જોઈ મૂછમાં હસે. પરિણામમાં રિમાર્ક આવી, 'આને બદામનો શીરો ખવડાવજો.'

મારો ભાઈ મારાથી બે વર્ષ નાનો. અને એક ધોરણ પાછળ. એનું ગણિત ખૂબ સારું. એકવાર પરીક્ષામાં અમારા બંનેનો નંબર બાજુબાજુમાં આવ્યો. ગણિતના પેપરમાં એણે મને ઘણી મદદ કરી, બીજા દિવસે એના સંગીતના પેપરમાં મેં બદલો વાળી આપ્યો. સુપરવાઈઝર ખીમુભા સાહેબ હસતાં હસતાં કહે, 'વાહ ! બંને ભાઈબહેનને જલસો પડી ગયો !'

સ્કૂલના કણકણમાં પ્રાણ પૂરનારા વાત્સલ્યમૂર્તિ, સદા વંદનીય એવાં મારાં ગુરૂજનોને સો-સો સલામ. જેની સાથે ખેલ્યા, ભણ્યા, કીટ્ટા-બુચ્ચા કરી, આંબલીના ઝાડ નીચે કાતરા ખાધા ને દાળિયા-શીંગની ઉજાણીઓ કરી એવા મારા ખોવાઈ ગયેલા સહાધ્યાયીઓને અહીંથી સ્નેહભીની યાદ !

**- વર્ષા સુધીર મોદી**



ગાંધીનગર લાયોનેસ ક્લબ દ્વારા સૅક્ટર-૧૬ ખાતે કાર્યરત અંધ શાળાનાં બાળકોને ન્હાવાના ટૉવેલ તથા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાનાં પ્રમુખ દેવલબેન જોષી સાથે સૅક્રેટરી મિત્તલ રાણા, એરિયા કો-ચૅરપર્સન વૈશાલીબેન જોષી, ઉપપ્રમુખ મીનાક્ષીબેન જયસિંઘાની, સાધનાબેન પરમાર, રેનુબેન ઢીંગરા અને પ્રીતિબેન શર્માએ ઉપસ્થિત રહી સેવાકાર્યમાં પોતાનો સહયોગ પૂરો પાડ્યો હતો.

## શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનો વાર્ષિકોત્સવ



ગાંધીનગર, તા. ૧૨

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનો વાર્ષિકોત્સવ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય, પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આચાર્ય પ્રવીણાબેન ચૌધરીએ મહેમાનોનું શાબ્દિક અને ફૂલછડીથી સ્વાગત કર્યું હતું.

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી અને મંત્રી શંકરભાઈ ચૌધરીએ વિદ્યાર્થી ભાઈ-બહેનોને આશીર્વચન પાઠવ્યા હતા અને તેમના હસ્તે વિદ્યાર્થીનીઓને ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી સૌને આનંદિત કરી દીધા હતા.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાનાં શાળા સાથેનાં સ્મરણો તાજાં કર્યાં હતાં. શાળામાંથી વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓને આશીર્વાદ અને શુભકામનાઓ શાળા પરિવાર દ્વારા પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન અરૂણાબેન ચૌધરીએ કર્યું હતું.